તા.૦૧/૦૯/૨૦૨૨ના રોજ ૧૧:૩૦ કલાકે સમિતિ રૂમમાં મળેલ આઇ.ટી.કમિટીની બેઠકની કાર્યવાહી નોંધ

---

(૧) વિભાગ તથા ખાતાના વડાઓ/ કોર્પોરેશનોની મળીને કુલ-૧૨ વેબસાઈટના અપડેટ અને મેઈન્ટેઈન કરવા માટે GIL, ગાંધીનગરને તા.૦૧/૧૦/૨૦૨૨ થી તા.૩૦/૦૯/૨૦૨૩ ના સમયગાળા માટે રૂ.૪૦૦૦/- પ્રતિ વેબસાઈટની રિન્યુઅલની કામગીરી સોંપવાની આઈ.ટી. કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

(૨) વિભાગના સંયુકત સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) અને (સમાજ સુરક્ષા) માટે કુલ-૦૨ નંગ લેપટોપ ખરીદવાની દરખાસ્ત:

ઉકત દરખાસ્તની આઈ.ટી. કમિટી દ્વારા મંજૂરી આપેલ જેમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના તા.૦૮/૦૮/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: COS/2004/339/Part-1 મુજબ લેપટોપ રૂ.૬૦,૦૦૦ સુધીની મર્યાદામાં ખરીદવાની જોગવાઇ છે. પરંતુ, હાલના સ્પેશીફીકેશન મુજબ રૂ.૭૫,૦૦૦/- સુધી ખર્ચ થાય તેમ હોઇ, રૂ.૭૫,૦૦૦/- સુધીની મર્યાદામાં GIL મારફત ખરીદી કરવાની રહેશે.

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા હેઠળ કુલ-૧૨૩ નંગ કોમ્પ્યુટર અને કુલ-૧૧૬ નંગ પ્રિન્ટર ખરીદવા બાબતની દરખાસ્ત:

ઉકત દરખાસ્ત બાબતે વિભાગની તા.૧૦/૦૧/૨૦૨૨ ની આઇ.ટી.કમિટીએ નીચે મુજબના સાધન સામગ્રી માટે GIL દ્વારા સ્પેશીફિકેશન નક્કી કરી અને GIL/Gem Portal પરથી ખરીદી કરવાની મંજૂરી આપેલ.

| ક્રમ | વિગત | નંગ | અંદાજિત કિંમત (રૂ) | કુલ કિંમત (રૂ) |
|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર | ૧૨૩ | ૫૦,૦૦૦ | ૬૧,૫૦,૦૦૦/- |
| ૨ | પ્રિન્ટર | ૧૧૬ | ૧૫,૦૦૦ | ૧૭,૪૦,૦૦૦/- |
| | | | કુલ | ૭૯,૦૫,૦૦૦/- |

ઉકત બાબતે GIL દ્વારા આપવામાં આવેલ Specification મુજબ GIL દ્વારા તા.૧૧/૦૩/૨૦૨૨ ના રોજ કોમ્પ્યુટર અને તા.૧૪/૦૩/૨૦૨૨ ના રોજ પ્રિન્ટર ખરીદવા માટે GeM (Government e-Market place) પર બીડની પ્રક્રિયા કરવામાં આવેલ.

જેમાં L1 બીડર તરીકે M/S Armee Infotech Private Limited આવેલ.

| ક્રમ | વિગત | નંગ | L1 બીડર | MODEL | કુલ કિંમત (રૂ) |
|---|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર | ૧૨૩ | M/S Armee Infotech Private Limited | Acer vertion M200-H510 | ૫૯,૫૯,૨૨૭/- |
| ૨ | પ્રિન્ટર | ૧૧૬ | M/S Armee Infotech Private Limited | CANON lbp 6230dn | ૧૬,૭૩,300/- |
| કુલ | | | | | ૭૬,૩૨,૫૨૭/- |

ઉકત રૂ.૭૬,૩૨,૫૨૭/- દરખાસ્તને આઇ.ટી.કમિટી દ્વારા ખરીદીની મંજૂરી આપવામાં આવેલ છે.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા હેઠળ કુલ-૧૦૯ નંગ કોમ્પ્યુટર સામે કુલ-૧૦૯ નંગ પ્રિન્ટર ખરીદવા બાબતની દરખાસ્ત:

નિયામકશ્રી (સમાજ સુરક્ષા) દ્વારા તેઓની વડી કચેરી અને ખાતા હસ્તકની જિલ્લાની કચેરીઓ માટે આઇ.ટી. સંબંધિત હાર્ડવેર ખરીદવા અંગે કુલ ૧૦૯-નંગ કોમ્પ્યુટર અને કુલ ૧૦૯-નંગ પ્રિન્ટર ખરીદવા દરખાસ્ત કરેલ હતી. જેમાં એક નંગ પ્રિન્ટરની અંદાજિત કિંમત રૂ.30,000/- એમ કુલ-૧૦૯ પ્રિન્ટરની અંદાજિત કિંમત રૂ.૩૨,૭0,000/- હતી.

જેના અનુસંધાને તા.0૧/0૭/૨0૨૨ ની વિભાગની આઇ.ટી. કમિટીની બેઠક માં નાણા સલાહકારશ્રી (સા.ન્યા.) ની સલાહ મુજબ એક પ્રિન્ટર સાથે અંદાજિત બે-ત્રણ કોમ્પ્યુટર શેરીંગથી પ્રિન્ટ/સ્કેન કરી શકે છે. માટે, કુલ-૧૦૯ નંગ કોમ્પ્યુટરની સામે ત્રીજા ભાગના એટલે કે કુલ ૩૭-નંગ પ્રિન્ટરોની ખરીદી કરવા વિભાગની આઇ.ટી. કમિટીએ મંજૂરી આપેલ હતી.

નિયામકશ્રી (સમાજ સુરક્ષા) ના તા.૧૪/0૭/૨0૨૨ એ ઉક્ત પત્રથી જણાવેલ છે કે, સમાજ સુરક્ષા ખાતા હસ્તકની કચેરીઓ/ સંસ્થાઓ અલગ અલગ સ્થળે હોવાથી સંસ્થાઓમાં કોમ્પ્યુટરોનું (૨ કે તેથી વધારે) એક પ્રિન્ટર સાથે શેરીંગ કરવું શક્ય નથી. વધુમાં, કચેરીઓ/ સંસ્થાઓ જુદા-જુદા જિલ્લાઓ અને જિલ્લામાં પણ જુદા-જુદા સ્થળે બેઠક વ્યવસ્થા હોવાથી એક કોમ્પ્યુટરની સાથે એક પ્રિન્ટરની જરૂરીયાત છે.

નિયામકશ્રી (સમાજ સુરક્ષા)ની જરૂરીયાતને ધ્યાને લઈ તા.૦૧/૦૭/૨૦૨૨ ના રોજ મળેલ આઇ.ટી.કમિટીમાં મંજૂર થયેલ કુલ ૧૦૯-નંગ કોમ્પ્યુટર અને બેઝીક મોડેલના કુલ ૧૦૯-નંગ પ્રિન્ટરો GIL મારફત ખરીદવાની આઇ.ટી.કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

અધ્યક્ષ સ્થાને રજૂ થયેલ દરખાસ્તો:

(૧) અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના કાર્યાલયના ઉપયોગ માટે કુલ-૦૨ નંગ તથા નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરી માટે કુલ-૨ નંગ એમ કુલ-૦૪ નંગ કલર પ્રિન્ટર ખરીદવાની દરખાસ્ત:

ઉકત કુલ ૦૪ નંગ કલર પ્રિન્ટર GIL મારફત ખરીદવાની આઇ.ટી.કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની સમરસ છાત્રાલયો માટે નવા કુલ-૫૨૦ નંગ કોમ્પ્યુટર ખરીદવા બાબતની દરખાસ્ત:

ઉકત દરખાસ્ત બાબતે વિભાગની તા.૧૦/૦૧/૨૦૨૨ ની આઇ.ટી.કમિટીએ નીચે મુજબના સાધન સામગ્રી માટે GIL દ્વારા સ્પેશીફિકેશન નક્કી કરી અને GIL /Gem Portal પરથી ખરીદી કરવાની મંજૂરી આપેલ. ઉક્ત બાબતે GIL/Gem Portal પરથી ખરીદી દરમિયાન ખરીદીની રકમ રૂ. ૦૧ કરોડથી ઉપર જતી હોઇ, SPC(IT) ની મંજૂરી મેળવવાની શરતે મંજૂરી આપેલ.

| ક્રમ | કુલ નંગ ડેસ્કટોપ કોમ્પ્યુટર | અંદાજિત ખર્ચ(રૂપિયામાં)(પ્રતિ કોમ્પ્યુટર) | કુલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૫૨૦ | રૂ. ૭૦,૦૦૦ | રૂ. ૩૬૪ લાખ. |

જેના અનુસંધાને સમરસ છાત્રાલયો ખાતે કોમ્પ્યુટર લેબની વ્યવસ્થા ઉભી કરવા માટે ડેસ્કટોપ કોમ્પ્યુટર્સ તેમજ તેને સંલગ્ન ઇલેકટ્રીક ફીટીંગ સહિતની સામગ્રી અને ઇન્સટોલેશન એમ તમામ બાબતો માટે GIL દ્વારા સમગ્ર ટેન્ડરની પ્રક્રિયા કરી, જેમાં L1 બીડર તરીકે M/S Armee Infotech Private Limited આવેલ.

| Sr no. | Category | Make and model | Qty. | Unit price L1 bidder | Total price L1 |
|---|---|---|---|---|---|
| 1 | Desktop | Acer vertion M200-P565 | 520 | 50,070/- | 2,60,36,400/- |
| 2 | 48 Port 10/100/1000 Mbps Ethernet switch | Plexonics PL-2452 MG | 10 | 32,670/- | 3,26,700/- |
| 3 | 24 Port 10/100/1000 Mbps Ethernet switch | Plexonics PL-2428 MG | 10 | 15,506/- | 1,55,060/- |
| 4 | CAT 6 LAN cabling per port | Plexonics PL-1212 U-5RK+PL-PSO6S-5ARK+PLFAN-RK+PL-FT-RK | 540 | 1,798/- | 9,70,920/- |
| 5 | 12U rack | Plexonics PL-064P23-UTP | 20 | 6,422/- | 1,28,440/- |
| 6 | Electrification per point | Standard ISI | 1080 | 836/- | 9,02,880/- |
| TOTAL | | | | | 2,85,20,400/- |

ઉક્ત રૂ.૨,૮૫,૨૦,૪૦૦/- ની દરખાસ્ત અંગે L1 બીડર તરીકે M/S Armee Infotech Private Limited ની કુલ રકમ રૂ. ૦૧ કરોડથી ઉપર જતી હોઇ, SPC(IT) ની મંજૂરી મેળવવાની શરતે આઇ.ટી.કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

(3) NIC ખાતે હાર્ડવેર ખરીદવાની દરખાસ્ત:

પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ યોજનાઓનું ઓનલાઇન અમલીકરણ એન.આઇ.સી. દ્વારા તૈયાર કરાયેલ ડિજિટલ પોર્ટલ મારફત વર્ષ ૨૦૧૭-૧૮ થી કરવામાં આવે છે. ડિજિટલ ગુજરાત પોર્ટલ દ્વારા SC/OBC જ્ઞાતિના એક વર્ષમાં અંદાજે ૫૧.૦૦ લાખ વિદ્યાર્થીઓને અંદાજે ૧૧૦૦.૦૦ કરોડ વાર્ષિક શિષ્યવૃતિ ચૂકવવામાં આવે છે. NIC સાથે થયેલ ચર્ચા મુજબ ઉકત અગત્યની કામગીરી કરવા સારૂ હાલ જે સર્વર કાર્યરત છે તે અપગ્રેડ કરવાની જરૂરીયાત છે.

તા.૨૬/૦૯/૨૦૨૨ ના રોજ ૧૧.૦૦ કલાકે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.) ના અધ્યક્ષ સ્થાને ઉકત બાબતે થયેલ બેઠકમાં સદરહુ સર્વરની કેપેસીટી અપગ્રેડ કરવા પણ નક્કી કરવામાં આવેલ છે તેમજ NIC ને કુલ ૦૬ નંગ કોમ્પ્યુટર આપવાનું પણ નક્કી કરવામાં આવેલ.

સર્વરની કેપેસીટી અંગે NIC સાથે થયેલ રૂબરૂ ચર્ચા મુજબ નીચે મુજબના લાયસન્સની જરૂરીયાત છે.

1. Window server-2019 for 36 core (18 License Needed)
2. SQL Server Enterprise Addition- 2019 for 36 core (18 License Needed)
3. Four Web Server with Window Server 2019 for 20 core Each (40 License Needed)

ઉકત સ્પેશીફીકેશન મુજબના નવા સર્વર (લાયસન્સ) માટે સંયુકત નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) ના જણાવ્યા મુજબ ભારત સરકાર દ્વારા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ અંતર્ગત વહીવટી ગ્રાન્ટ આપવામાં આવે છે. તે પૈકીની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાનો રહેશે. આ અંગેનો ખર્ચ નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) ની કચેરી દ્વારા કરવાનો રહેશે.

કોમ્પ્યુટર ખરીદવા બાબતે NIC સાથે થયેલ રૂબરૂ ચર્ચા મુજબ નીચે મુજબના કોન્ફીગ્યુરેશન વાળા કુલ:૦૬ કોમ્પ્યુટરની જરૂરીયાત છે.

- I-7 11th Generation Processor,
- Intel/Giga byte Motherboard,
- 1 TB SSD Hard disk,
- 2 TB Regular Hard disk,
- 32 GB RAM,
- 24" LED Screen,
- Keyboard-Mouse,
- Cabinate,
- Window-11 Licence For Each Computer

ઉકત High Configuration વાળા કુલ ૦૬ નંગ કોમ્પ્યુટર પૈકી નિયામકશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ) એ કુલ ૦૩ અને નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) એ કુલ

૦૩ નંગ કોમ્પ્યુટર GIL મારફત ખરીદીને NIC ને ફાળવવાની શરતે આઇ.ટી.કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

NIC સાથે થયેલ ચર્ચા મુજબ ઉક્ત સર્વર (લાયસન્સ) તથા કોમ્પ્યુટર ખરીદવા માટે અંદાજે રૂ. ૨.૦૦ કરોડની જરૂરીયાત રહેશે. સદરહુ કુલ રકમ રૂ. ૦૧ કરોડથી ઉપર જતી હોઇ, SPC (IT) ની મંજૂરી મેળવવાની શરતે આઇ.ટી.કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

(૪) વિભાગ હસ્તકના ખાતાના વડાઓની યોજનાઓ માટે AMC (ANNUAL MAINTANANCE CONTRACT) આપવાની દરખાસ્ત:

૧. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની નીચેની યોજનાઓ માટે AMC આપવા બાબતની દરખાસ્ત:

| Sr. No. | Schemes | AMC Contract Period | AMC Cost per year (16%) in RS. |
|---|---|---|---|
| 1 | AMC for CM dashboard utility software for all schemes (Base cost RS.4,46,333 + RS. 50,000 CRN 79,413 dated.:12/03/2021 = Rs. 4,96,333 total cost) | 01/10/2022 to 30/09/2023 | 79,413 |
| 2 | AMC for Ambedkar & Pandit Din Dayal Upadhyay Awas Yojana | | 1,28,000 |
| 3 | AMC for Manav garima yojana | | 96,000 |
| 4 | AMC for Kuwarbai nu mameru | | 80,000 |
| 5 | AMC for marnotar sahay scmes with e-gram integration with NIC | | 40,000 |
| 6 | AMC for PROFESSIONAL Loan for vakil & vakil stipend yojana | | 64,000 |
| 7 | AMC for awards yojana | | 48,000 |
| 8 | AMC for online loan application for commercial pilot training and foreign study | | 1,60,000 |
| 9 | AMC for inter caste marriage | | 20,000 |
| 10 | AMC for MIS for grant In aid & government | | 2,56,000 |

| | | | |
|---|---|---|---|
| | ashram shala, chhatralay and government aadarsh | | |
| 11 | AMC for professional loan for diploma/ graduate doctor & professional loan for post graduate doctor. | | 80,000 |
| 12 | AMC for coaching fees for NEET/JEE/PMT/GUJCET exam preparation | | 36,000 |
| 13 | AMC for coaching fees for GPSC Class-1,2,3 exam preparation | | 36,000 |
| 14 | AMC for coaching fees for NIFT/CEPT/NLU exam preparation | | 36,000 |
| 15 | AMC for loan for agriculture land | | 36,000 |
| 16 | AMC for loan for shop/ business | | 24,000 |
| | **TOTAL** | | **12,19,413/-** |

૨. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની નીચેની યોજનાઓ માટે AMC આપવા બાબતની દરખાસ્ત:

| Sr. No. | Project Name | AMC contract period | AMC Cost @ 16% |
|---|---|---|---|
| 1 | Design, Development and Maintenance of Financial Assistance and Loan for Law Graduate Scheme's software application | 01/10/2022 TO 30/09/2023 | Rs.20,000/- |
| 2 | Design, Development and Maintenance of Financial Assistance and Loan for Medical Graduate Scheme's software application | | Rs.20,000/- |
| 3 | Design, Development and Maintenance Nalanda Award Scheme's software application | | Rs.16,000/- |
| 4 | Design, Development and Maintenance of Financial Assistance for Poet/Author Scheme's software application | | Rs.28,000/- |

| | | | |
|---|---|---|---|
| 5 | Design, Development and Maintenance of Pujya Ravishankar Maharaj Award Scheme's software application | | Rs.16,000/- |
| 6 | Design, Development and Maintenance Social Education Camp Scheme's software application | | Rs.24,000/- |
| 7 | Design, Development and Maintenance Loan for Bankable Scheme's software application | | Rs.24,000/- |
| 8 | Design, Development and Maintenance Loan of Saat fera community marriage Scheme's application under e-samajkalyan portal | | Rs.80,000/- |
| 9 | Design, Development and Maintenance SEBC Caste Certificate Scheme's software application under e-samajkalyan portal | | Rs.64,000/- |
| 10 | AMC for AWN online random draw system for application received under Manav Garima scheme | | Rs.6,373/- |
| 11 | AMC for CM dashboard's Utility software for all scheme | | Rs.73,333/- |
| | | **TOTAL** | **3,71,706/-** |

૩. નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની નીચેની યોજનાઓ માટે AMC આપવા બાબતની દરખાસ્ત:

| Sr. No. | Schemes | AMC Contract Period | AMC Cost per year (16%) in RS. |
|---|---|---|---|
| 1 | AMC for PHID Bus pass | 01/10/2022 to 30/09/2023 | 1,32,000 |
| 2 | AMC for prosthetic Aids and appliance | | 96,000 |
| 3 | AMC for Prohibition of Child Marriages | | 40,000 |
| 4 | AMC for Palak Mata Pita Yojana | | 56,000 |
| 5 | AMC for MIS for Kedi Sahay | | 32,000 |
| 6 | AMC for MIS for Prohibition of offenders Act | | 48,000 |

| | | | |
|---|---|---|---|
| 7 | AMC for Divyang Lagna Sahay Yojana | | 34,400 |
| 8 | AMC for Sant Surdas Scheme | | 72,000 |
| 9 | AMC for MIS for Non-Governmental Organization (NGO) | | 1,84,000 |
| | | TOTAL | 6,94,400/- |

ઉકત બાબતે તા.૨૭/૦૮/૨૦૨૧ ની આઇ.ટી.કમિટી મુજબ નેગોશીયેશન કમિટીના નિર્ણય મુજબ કાર્યવાહી કરવા નક્કી થયેલ. તા.૨૦/૧૦/૨૦૨૧ ની નેગોશીયેશન કમિટીમાં ખાતાના વડાઓની યોજનાઓ માટે તા.૦૧/૧૦/૨૦૨૧ થી ૩૦/૦૯/૨૦૨૨ સુધી GIPL ને AMC આપવાનું નક્કી થયેલ તેમજ દરેક ખાતાના વડાઓ હસ્તકની કુલ યોજનાઓની ડેવલોપમેન્ટ કોસ્ટના ૧૬% લેખે ની કિંમત નક્કી કરવામાં આવેલ. આ ઉપરાંત, દર ૬ મહિને એમ કુલ-૦૨ ઇન્વોઇસ મોકલવાના રહેશે અને તે મુજબનું ચૂકવણું દરેક ખાતાના વડાએ કરવાનું રહેશે તેવું નેગોશીયેશન કમિટીમાં નક્કી કરવામાં આવેલ.

જે AMC (ANNUAL MAINTANANCE CONTRACT) પૂર્ણ થનાર હોઇ, તા.૦૧/૧૦/૨૦૨૨ થી ૩૦/૦૯/૨૦૨૩ ના વર્ષ માટે ઉકત યોજનાઓ માટે AMC GIPL ને કુલ ડેવલોપમેન્ટ કોસ્ટના ૧૬% લેખે પ્રતિ વર્ષ માટે ત્રણેય ખાતાના વડાઓની યોજનાઓની AMC નો કુલ ખર્ચ રૂ.૨૨,૮૫,૫૧૯/- (અંકે રૂપિયા બાવીસ લાખ પંચ્યાસી હજાર પાચસો ઓગણીસ પૂરા) ની કિંમત આઇ.ટી.કમિટી દ્વારા નક્કી કરવામાં આવેલ તેમજ GIPL દ્વારા દરેક ખાતાના વડાઓની યોજનાઓ માટે અલગ-અલગ ૬ માસિક એમ કુલ-૦૨ પ્રતિ વર્ષ ઇન્વોઇસ જનરેટ કરવાનું રહેશે અને દરેક ખાતાના વડાઓએ તે મુજબનું ચૂકવણું કરવા તેમજ ઉકત પ્રસ્તુત બાબત નોમીનેશન બેઝ પર GIPL ને આપેલ હોઇ, SPC (IT) ની મંજૂરી મેળવવાની શરતે આઇ.ટી.કમિટી દ્વારા મંજૂરી આપેલ છે.

(૫) જુવેનાઈલ જસ્ટિસ બોર્ડ (જે.જે.બી.) અને રાજ્ય કક્ષાએ વિડિયો કેન્ફરન્સની સુવિધા બાબતની દરખાસ્ત:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા રાજ્યકક્ષાએથી રાજ્યના તમામ જિલ્લામાં જુવેનાઇલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫નું અમલીકરણ થઇ રહ્યુ છે. જુવેનાઇલ જસ્ટીસ એક્ટ-૨૦૧૫ની કલમ-૪માં જુવેનાઇલ જસ્ટીસ બોર્ડની રચના કરવાની જોગવાઇ છે. રાજ્યમાં કુલ ૩૩ જિલ્લામાં જુવેનાઇલ જસ્ટીસ બોર્ડની રચના થયેલ છે.

જુવેનાઇલ જસ્ટીસ બોર્ડમાં કાયદાના સંઘર્ષમાં આવતા બાળકોના ન્યાય અને નિર્ણયની પ્રક્રિયા કરવામાં આવે છે. જે બોર્ડના આદેશ મુજબ બાળકોને જુવેનાઇલ જસ્ટીસ એક્ટની કલમ-૪૭,૪૮,૪૯ મુજબ બાળકોને ૬ ઓબ્ઝર્વેશન હોમ, ૩ પ્લેસ ઓફ સેફ્ટી, ૩ સ્પેશિયલ હોમમાં રાખવામાં આવે છે.

સુપ્રિમ કોર્ટ રીટ પીટીશન સિવિલ નં.-૪૭૩/૨૦૦૫ સંપુર્ણ બેરુઆ તા.૦૯/૦૨/૨૦૧૮ ના જજમેન્ટ મુજબ તમામ રાજ્ય સરકારોથી જે.જે.એક્ટમાં ચાલતા કેસોને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી ચિલ્ડ્રન હોમમાં રહેતા બાળકોની જુબાની લેવા માટે જાણ કરવામાં આવી છે. જેનાથી બાળકો અને જુવેનાઇલ જસ્ટીસ બોર્ડ વચ્ચે ૬-૭ કલાકના ટ્રાવેલિંગનો અંત લાવી શકાય અને જે.જે.બી સમક્ષ રજુ કરતી વખતે એસ્કોર્ટની મુશ્કેલી અને જે.જે.બીમાં પેન્ડીંગ કેસોનો નિકાલ ઝડપી થાય તેવી ટેકનોલોજીનો ઉપયોગ કરી અમલીકરણ કરવાના આદેશો કરેલ છે.

વિડીયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉભી કરવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક નં.જજઅ/૧૦/૨૦૧૯/૮૧૭૩૩/છ, તા.૦૯/૦૯/૨૦૧૯ થી રાજ્ય કક્ષાએ ૧ અને જિલ્લા કક્ષાએ ૩૩ એમ કુલ ૩૪ વિડિયો કોન્ફરન્સની કામગીરી કરવા રૂ.૧૭૭.૬૦ લાખની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

સદર બાબતે ગુજરાત હાઈકોર્ટ ખાતે તા:24/07/2022 ના રોજ યોજાયેલ જુવેનાઈલ જસ્ટિસ કમિટિની બેઠકમાં પણ મળેલ નિર્દેશ અનુસાર દરેક જે.જે.બી બોર્ડમા કાયદા સાથે સંઘર્ષમા આવતા બાળકોના સ્ટેટમેન્ટ રેકોર્ડીંગ અર્થે વિડિયો કોન્ફરન્સની સુવિધા ઉભી કરવા પુન: સુચનાઓ આપવામા આવેલ છે.

ઉકત બાબતે વિભાગની તા.૨૩/૧૦/૨૦૨૦ ની આઇ.ટી.કમિટીની કાર્યવાહી નોંધ મુજબ "ગુજરાત સ્ટેટ ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી દ્વારા વિડિયો કોન્ફરન્સ (V.C.) રૂમની સગવડ ઉભી કરવા બાબત માટેની GIPL ની દરખાસ્તને પરત ખેંચી લીધી અને નિયામકશ્રી (સમાજ સુરક્ષા) ને આ બાબતમાં સુપ્રિમ કોર્ટ, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, દિલ્હીની સૂચનાઓ અને ઉદ્યોગ અને ખાણ વિભાગની સ્થાયી સૂચનાઓ ધ્યાને લઇ આગળ કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ".

ઉકત દરખાસ્ત પરત્વે અધ્યક્ષશ્રીએ GIL ને અગ્રતા ક્રમે અધ્યતન વિડીયો કોન્ફરન્સ માટે જરૂરી સાધનો ખરીદવાની મંજૂરી આપેલ છે. આ અંગે અંદાજિત રૂ.૩.૨૧ કરોડનો ખર્ચ થાય તેમ હોઇ, SPC (IT) ની મંજૂરી મેળવવાની રહેશે.

બેઠકમાં વધુ અન્ય કોઈ મુદ્દો ન હોઈ, અધ્યક્ષશ્રીએ હાજર રહેલ સૌનો આભાર માની બેઠક પૂર્ણ થયેલ જાહેર કરી.

એસ.યુ.પરીખ

(એસ.યુ.પરીખ)

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

---

ક્રમાંક: CMP-૧૦૨૦૨૧-૩૧૭૫૨૦(પાર્ટ ફાઇલ)-કો.સેલ,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

બ્લોક નં.૫, ૯ મો માળ,

સચિવાલય, ગાંધીનગર.

તા. ૦૭/૦૮/૨૦૨૨

નકલ રવાના પ્રતિ

(૧) સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિ., બ્લોક નં.૨, ૨જો માળ, ડી વીંગ, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર.

(૩) સંયુક્ત સચિવશ્રી (અ.જા.ક./ રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) સંયુક્ત સચિવશ્રી (સ.સુ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૫) નાયબ સચિવશ્રી (વિ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૭) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ભોંયતળિયે, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૯) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી,
બ્લોક નં.૪, ૧લો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૦) મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત ચાઇલ્ડ પ્રોટેકશન સોસાયટી,
બ્લોક નં.૧૯, ૩ જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૧૧) નાણા સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) નાયબ નિયામકશ્રી (આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) મદદનીશ નિયામકશ્રી (આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત ઈન્ફો પેટ્રો લિમિટેડ (GIPL), બ્લોક નં.૧૫, ૨જો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

(૧૫) સિલેક્ટ ફાઈલ.

(એમ.કે.વાઘેલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ